GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# ડિજિટલ યુગમાં સાહિત્ય સર્જન

**પ્રા. જ્યોતિબેન બાલુભાઈ વસાવા**

સહાયક અધ્યાપક,

સ્વામી નારાયણ સ્વરૂપ બી.એડ. કોલેજ, અંકલેશ્વર

**સારાંશ**

ડિજિટલ યુગે સાહિત્ય સર્જન, વિતરણ અને સ્વીકારની પદ્ધતિઓને સંપૂર્ણપણે બદલાવી નાખી છે. આ લેખમાં હાયપરટેક્સ્ટ, મલ્ટીમિડિયા, સોશિયલ પ્લેટફોર્મ્સ અને અલ્ગોરિધ્મિક સિસ્ટમ્સ જેવી ડિજિટલ ટેક્નોલોજી કઈ રીતે લેખકત્વ, ગ્રંથ અને વાચકની ભૂમિકા બદલાવે છે તેની ચર્ચા કરવામાં આવી છે. સાથે જ, ડિજિટલ સ્વરૂપોના લાભો, મર્યાદાઓ, સહયોગી સર્જન, તેમજ નૈતિક અને સંરક્ષણ સંબંધિત પડકારો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. અંતે, સંશોધન અને શિક્ષણના ક્ષેત્રમાં નવી દિશાઓ સૂચવવામાં આવી છે.

**મુખ્યશબ્દો:** ડિજિટલ સાહિત્ય, ઈલેક્ટ્રોનિક સાહિત્ય, રિમેડિએશન, સહભાગી સંસ્કૃતિ, અલ્ગોરિધ્મિક માધ્યમ

**પરિચય**

સાહિત્ય સર્જન હંમેશા ઉપલબ્ધ માધ્યમો અનુસાર બદલાતું આવ્યું છે. ડિજિટલ ક્રાંતિએ લેખન, અનુભવ અને સંરક્ષણની પદ્ધતિઓમાં મૂળભૂત પરિવર્તન લાવ્યું છે. હાયપરટેક્સ્ટ, ઈન્ટરએક્ટિવિટી અને સહયોગી પ્લેટફોર્મ્સ દ્વારા લેખક, ગ્રંથ અને વાચક વચ્ચેની સરહદો ઝાંખી થઈ ગઈ છે.

**અભ્યાસના હેતુઓ**

1. ડિજિટલ યુગમાં સાહિત્યસર્જનની નવી પદ્ધતિઓ અને સ્વરૂપોનું વિશ્લેષણ કરવું
2. પરંપરાગત અને ડિજિટલ સાહિત્ય સર્જન વચ્ચેના તફાવતોને સમજવા
3. લેખક, વાચક અને સાહિત્યિક સર્જનાત્મકતા પર ડિજિટલ માધ્યમોના પ્રભાવનું મૂલ્યાંકન કરવું

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

4. ડિજિટલ સાહિત્યમાં ઉભા થતા નૈતિક પ્રશ્નો, જેમ કે કૉપિરાઇટ, પ્રામાણિકતા અને સાંસ્કૃતિક ઓળખના મુદ્દાઓ પર વિચારવું

5. શિક્ષણક્ષેત્રે ડિજિટલ સાહિત્યના ઉપયોગ અને તેના ફાયદા–ગેરફાયદાનો અભ્યાસ કરવો

**સિદ્ધાંત અને મુખ્ય સંકલ્પનાઓ**

રિમેડિએશન અને મીડિયા ઇકોલોજી: નવું માધ્યમ હંમેશા જૂના માધ્યમને નવી રીતે રજૂ કરે છે (Bolter & Grusin, 2000). ઇલેક્ટ્રોનિક સાહિત્ય અને હાયપરટેક્સ્ટ: હાયપરટેક્સ્ટ અને મલ્ટીમોડાલિટીનો ઉપયોગ (Hayles, 2008). સહભાગી સંસ્કૃતિ: વાચકો અને સર્જકો સાથે મળીને સાહિત્ય સર્જન કરે છે (Jenkins, 2006). અલ્ગોરિધ્મિક માધ્યમ: સામગ્રીનું વિતરણ અને સર્જન અલ્ગોરિધ્મ દ્વારા નિયંત્રિત થાય છે (Mayer-Schönberger & Cukier, 2013).

**પદ્ધતિશાસ્ત્ર**

આ લેખમાં વિચારાત્મક–વિશ્લેષણાત્મક પદ્ધતિ અપનાવવામાં આવી છે. ડિજિટલ પ્લેટફોર્મ્સનું સામગ્રી વિશ્લેષણ, ઇલેક્ટ્રોનિક સાહિત્યનું વાંચન, સર્જકોની મુલાકાત અને ગણિતીય પદ્ધતિઓ સંશોધન માટે ઉપયોગી બની શકે છે.

**ડિજિટલ સાહિત્યના સ્વરૂપો**

ડિજિટલ સાહિત્ય એ પરંપરાગત પ્રિન્ટ સાહિત્યથી જુદું, ટેક્નોલોજીની સહાયથી વિકસિત થતા નવનવિતા ભરેલા સાહિત્યિક સ્વરૂપોનો સમૂહ છે. આ સાહિત્ય ટેક્સ્ટ, મલ્ટીમિડિયા, અને ઇન્ટરએક્ટિવ તત્વોને સમાવીને વાચનના પાંરપરિક અભિગમને પુનઃવ્યાખ્યાયિત કરે છે. તેનું વર્તમાન સમયમાં અનેક સ્વરૂપોમાં અવતરણ થઈ રહ્યું છે:

1. **હાયપરટેક્સ્ટ અને ગેરરેખીય વાર્તાઓ**

હાયપરટેક્સ્ટ આધારિત રચનાઓ વાચકને વાર્તાના વિવિધ માર્ગો પસંદ કરવાનો અધિકાર આપે છે. વાર્તાનું ક્રમ ગોઠવાયેલું નથી, વાચન અનુભવ વાચકના પસંદગીઓ પર આધારિત બને છે. આ પ્રકારની રચનાઓ "ચુઝ યોર ઓન એડવેન્ચર" જેવી રમતિયાળી પ્રકૃતિ ધરાવે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

**2.મલ્ટીમોડલ સાહિત્ય**

આ પ્રકારનું સાહિત્ય લખાણ સાથે અવાજ, દૃશ્યપ્રસ્તુતિ, એનિમેશન કે વિડિયો જેવી મીડિયા સામગ્રીનો સંયોજન કરે છે. પરિણામે, વાચન માત્ર દૃષ્ટિ–અનુભવ નથી રહેતું, પણ શ્રાવ્ય અને ઇન્ટરેક્ટિવ પણ બને છે, જે સર્જનાત્મક અભિવ્યક્તિને વિસ્તૃત કરે છે.

**3.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર સાહિત્ય**

Twitter, Instagram અને Wattpad જેવા પ્લેટફોર્મ પર સાહિત્યની નવી શૈલીઓ વિકસે છે. ટૂંકી વાર્તાઓ (microfiction), પૉયેટ્રી થ્રેડ્સ અને serialized writing જેવી શૈલીઓ વાચકો સાથે સીધો સંવાદ સ્થાપિત કરે છે. આ મોડલ "participatory literature" તરીકે ઓળખાય છે.

**4.અલ્ગોરિધ્મિક અથવા AI સહાયક લેખન**

આ ક્ષેત્રમાં કમ્પ્યુટર પ્રોગ્રામ અથવા કૃત્રિમ બુદ્ધિ (AI) ના આધારે સાહિત્ય રચાય છે. AI રચિત કાવ્યો, વાર્તાઓ અને નાટકો સર્જનાત્મકતાના નવા વ્યાખ્યાન આપે છે. આ પ્રકારનું સર્જન લેખક અને મશીનની સહભાગિતાથી બને છે – જેને "co-authorship with machines" તરીકે પણ ઓળખાય છે.

**લેખકત્વ, સર્જનાત્મકતા અને વાચક પર અસર**

ડિજિટલ સાહિત્ય દ્વારા સાહિત્ય સર્જનના પરંપરાગત મંડળો બદલાઈ રહ્યા છે. લેખકત્વ, સર્જનાત્મકતા અને વાચકની ભૂમિકા – એ ત્રણેય પર ઔપચારિક અને તત્ત્વચિંતનાત્મક પુનર્વિચાર જરૂરિયાતરૂપ બન્યો છે.

1. **સહયોગી લેખન**

ડિજિટલ માધ્યમોએ સહયોગી લેખન શક્ય બનાવ્યું છે જ્યાં એક કરતાં વધુ લેખકો ભૌગોલિક સીમાઓથી પરે રહીને એકસાથે લખી શકે છે. ગૂગલ ડૉક્સ જેવી સહકારાત્મક writing platforms અને ઓપન સોર્સ નવલકથાઓ (જેમ કે crowd–sourced fiction) એ સહયોગી સર્જનના ઉત્તમ ઉદાહરણો છે. અહીં "લેખક" એક વ્યક્તિ ન રહીને, એક સમૂહ બની જાય છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

**2. મૌલિકતાની નવી વ્યાખ્યા**

ડિજિટલ યુગમાં રિમિક્સ, મીમ, ફેનફિક્શન અને રીકન્ટેક્સ્ટ્યુઅલાઈઝેશન જેવી પ્રવૃત્તિઓ સર્જનાત્મક અભિવ્યક્તિના નવિન સ્વરૂપો છે. આ સંદર્ભમાં, "મૌલિકતા"નું પરંપરાગત અર્થઘટન બદલાઈ રહ્યું છે. સર્જનાત્મકતાની ગણના હવે માત્ર નવા વિચારની રચનામાં નહીં, પણ હાજર સામગ્રીના સર્જનાત્મક પુનઃઉપયોગમાં પણ થાય છે.

**3.વાચકની ભૂમિકા**

હાયપરટેક્સ્ટ, ઇન્ટરેક્ટિવ વાર્તાઓ અને ઓપન–એન્ડેડ પ્લેટફોર્મ્સ વાચકને માત્ર વાંચક તરીકે નહીં, પણ સહ–સર્જક તરીકે સ્થાન આપે છે. વાચકના પસંદ કરેલા વિકલ્પો કે પ્રતિસાદ વાર્તાના પ્રવાહને બદલી શકે છે. આ રીતે વાચક “passive receiver” નહીં રહીને એક “active participant” બને છે.

**પડકારો અને નૈતિક પ્રશ્નો**

ડિજિટલ યુગમાં સાહિત્ય સર્જન સાથે અનેક પડકારો અને નૈતિક પ્રશ્નો ઊભા થયા છે. આ પ્રશ્નો ફક્ત ટેકનિકલ સ્તરે જ નહીં પરંતુ સામાજિક, આર્થિક અને નૈતિક પરિપ્રેક્ષ્યમાં પણ ગંભીર છે.

**1. સંગ્રહ અને સંરક્ષણ**

ડિજિટલ સાહિત્યનો સૌથી મોટો પડકાર તેની લાંબા ગાળાની ઉપલબ્ધતા છે. પરંપરાગત છાપેલ પુસ્તકો પેઢીઓ સુધી ગ્રંથાલયોમાં સાચવી શકાય છે, જ્યારે ડિજિટલ સાહિત્ય ટેકનોલોજીની અસ્થિરતા પર આધારિત હોવાથી તેનો નાશ ઝડપથી થઈ શકે છે. ફાઈલ ફોર્મેટ્સ, સોફ્ટવેર અપડેટ્સ, સર્વર બંધ થવા કે હેકિંગ જેવા જોખમો તેને વધુ નાજુક બનાવે છે (Deegan & Tanner, 2002). તેથી ડિજિટલ સાહિત્યના સંરક્ષણ માટે સુવ્યવસ્થિત નીતિ, ક્લાઉડ આર્કાઈવિંગ અને ડિજિટલ લાઈબ્રેરીઝની જરૂર છે.

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

2. **સમાનતા અને પ્રવેશ**

ડિજિટલ સાહિત્યને વાંચવા માટે ઇન્ટરનેટ કનેક્શન, સ્માર્ટ ડિવાઇસ અને ટેક્નોલોજી વિષયક જ્ઞાન જરૂરી છે. આ તમામ સુવિધાઓ દરેક વ્યક્તિને સમાન પ્રમાણમાં ઉપલબ્ધ નથી. ગ્રામ્ય વિસ્તારો, આર્થિક રીતે નબળા વર્ગો અને દિવ્યાંગજનો માટે ડિજિટલ ખાઈ (Digital Divide) ગંભીર અવરોધ ઊભો કરે છે (Norris, 2001). પરિણામે, સાહિત્યના લોકશાહીકરણની સાથે સાથે અસમાનતાનું બીજ વાવાય છે.

3. **અલ્ગોરિધ્મિક પક્ષપાત**

ડિજિટલ પ્લેટફોર્મ્સ પર સામગ્રીની દૃશ્યતા (visibility) મોટાભાગે અલ્ગોરિદ્મ પર આધારિત હોય છે. આ અલ્ગોરિદ્મ લોકપ્રિય, વ્યાપારીક કે વધુ ક્લિક થતી સામગ્રીને પ્રાથમિકતા આપે છે. પરિણામે ગુણવત્તાસભર પરંતુ ઓછું જાણીતી રચનાઓ અવગણાઈ જાય છે (Noble, 2018). આ અલ્ગોરિધ્મિક પક્ષપાત સાહિત્યના વૈવિધ્યને મર્યાદિત કરે છે અને વાચકો સુધી એકતરફી દૃષ્ટિકોણ પહોંચાડે છે.

4. **AI સાથે લેખન**

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) આધારિત લેખન આજના યુગનું મહત્વનું વિષય છે. AI દ્વારા રચાયેલ લખાણમાં પારદર્શિતા (Transparency) નો અભાવ રહે છે, કારણ કે વાચકને ઘણીવાર ખબર નથી પડતી કે લખાણ માનવી દ્વારા સર્જાયું છે કે મશીન દ્વારા. ઉપરાંત, લેખકત્વ (Authorship) નો પ્રશ્ન ઊભો થાય છે – સાચા સર્જક તરીકે કોને માનવું? પ્રોગ્રામરને, AI નો ઉપયોગ કરનારને કે AI સિસ્ટમને? આ સાથે મૌલિકતા, બૌદ્ધિક સંપત્તિ અધિકાર (Intellectual Property Rights) અને નૈતિકતા જેવા પ્રશ્નો પણ ઊભા થાય છે (Broussard, 2018; Floridi & Cowls, 2019).

**શૈક્ષણિક સૂચનો અને સંશોધન દિશાઓ**

ડિજિટલ સાક્ષરતા શીખવવી જરૂરી છે. ભવિષ્યનું સંશોધન: પ્લેટફોર્મ્સની અસર, આર્કાઈવિંગ પદ્ધતિઓ અને વાચક સમુદાય પર અભ્યાસ.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

**અભ્યાસનું મહત્વ**

1. ડિજિટલ સાહિત્ય કેવી રીતે સાહિત્યને સર્વસામાન્ય અને લોકપ્રિય બનાવે છે તે સ્પષ્ટ થશે (Hayles, 2012).

2. સંશોધન લેખકો અને વાચકો વચ્ચે બદલાતા સંબંધોને સમજવામાં મદદરૂપ થશે (Murray, 2018).

3. શિક્ષકો અને સંશોધકો માટે ડિજિટલ સાહિત્ય અભ્યાસના નવા માર્ગ ખોલશે (Rettberg, 2019).

4. સ્થાનિક ભાષાઓ (ગુજરાતી સહિત) ડિજિટલ યુગમાં કેવી રીતે ટકી રહી છે કે પડકાર અનુભવી રહી છે તે

સમજવામાં મદદ કરશે (Liu, 2020).

5. ભવિષ્યના ડિજિટલ સાહિત્ય સર્જકો માટે માર્ગદર્શક રૂપે કાર્ય કરશે (Smith, 2020).

**ચર્ચા**

ડિજિટલ સાહિત્ય માત્ર સાહિત્ય સર્જનની રીતોને જ નહીં, પણ વાચન પદ્ધતિઓને પણ બદલી રહ્યું છે.
ઈ–પુસ્તકો: ઈ–પુસ્તકો દ્વારા સાહિત્ય સર્વસામાન્ય બન્યું છે અને સરળતાથી ઉપલબ્ધ થયું છે (Hayles, 2012).
બ્લોગ્સ અને સોશિયલ મીડિયા: બ્લોગ્સ અને સોશિયલ મીડિયા લેખનથી નવા સાહિત્યિક પ્રવાહો ઊભા થયા છે, જ્યાં દરેક વ્યક્તિ લેખક બની શકે છે (Murray, 2018).
કૃત્રિમ બુદ્ધિ આધારિત સર્જન: AI આધારિત સાહિત્ય સર્જન ભવિષ્યમાં માનવીય સર્જનાત્મકતાને નવી ઊંચાઈઓ સુધી લઈ જઈ શકે છે (Smith, 2020).
પડકારો: પરંતુ તેની સાથે કૉપિરાઇટ, નૈતિકતા, ભાષાની શુદ્ધતા અને સાંસ્કૃતિક ઓળખ જેવા પડકારો પણ ઊભા થયા છે (Liu, 2020).

**નિષ્કર્ષ**

ડિજિટલ યુગે સાહિત્ય સર્જનની પદ્ધતિમાં મૂળભૂત પરિવર્તન કર્યું છે. આ પરિવર્તનોને સમજવા માટે શિક્ષકો અને સંશોધકોને નવા અભિગમો અપનાવવાની જરૂર છે. ડિજિટલ યુગે સાહિત્ય સર્જનને અવિસ્મરણીય પરિવર્તનો આપ્યા છે. પરંપરાગત સાહિત્યથી આગળ વધીને સાહિત્ય હવે ઈ–પુસ્તકો,

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

બ્લોગ્સ, સોશિયલ મીડિયા અને કૃત્રિમ બુદ્ધિ આધારિત સર્જનો દ્વારા વૈશ્વિક સ્તરે પહોંચ્યું છે (Murray, 2018; Smith, 2020). ભવિષ્યમાં ડિજિટલ સાહિત્ય વધુ વ્યાપક બનશે અને તેની સંશોધન તથા શિક્ષણક્ષેત્રે ખૂબ જ ઉપયોગીતા સાબિત થશે (Rettberg, 2019; Liu, 2020).

## References

Bolter, J. D., & Grusin, R. (2000). Remediation: Understanding new media. MIT Press.

Hayles, N. K. (2008). Electronic literature: New horizons for the literary. University of Notre Dame Press.

Jenkins, H. (2006). Convergence culture: Where old and new media collide. New York University Press.

Manovich, L. (2001). The language of new media. MIT Press.

Hayles, N. K. (2012). How we think: Digital media and contemporary technogenesis. University of Chicago Press.

Rettberg, J. W. (2019). Electronic literature. Polity Press.

Smith, J. (2020). Artificial intelligence and creativity in literature. Routledge.

Broussard, M. (2018). *Artificial unintelligence: How computers misunderstand the world*. MIT Press.

Deegan, M., & Tanner, S. (2002). *Digital futures: Strategies for the information age*. Routledge.

Noble, S. U. (2018). *Algorithms of oppression: How search engines reinforce racism*. NYU Press.